# <u>પ્રેસનોટ</u>

## <u>અમદાવાદ શહેર માં સાયબર ક્રાઇમના ઓફીસર તરીકે નકલી પોલીસ બની સાયબર ક્રાઇમ  માં ભરતી કરવાની લાલચ આપી પૈસા પડાવવાની ગેંગનો પર્દાફાશ કરી ગેંગના મુખ્ય સુત્રધાર ને ઝડપી લેતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

**સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ચોક્કસ બાતમી આધારે** આરોપી સ્મીત અશોકભાઇ પાંડે રહે, દર્શન એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર, અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૧૮/૦૩/૨૦૧૬ પકડી અટક કરેલ છે.

**આ કામના મુખ્ય સુત્રધાર આરોપી** સ્મીત અશોકભાઇ પાંડે રહે, દર્શન એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર, અમદાવાદ શહેર નામના માણસે તેના મિત્ર ફરિયાદી શ્રી વિરલ હરેશકુમાર ઉપાધ્યાય નાની સાથે અગાઉ નિર્ણયનગર મધુરમિલન સોસાયટી ખાતે રહેતો હતો તે વખતે નિર્ણયનગર ગરનાળાં જોડે ખુલ્લા મેદાનમાં ક્રિકેટ રમવા આવતો હોય જેથી તેની સાથે ઓળખાણ થયેલ. ત્યારબાદ સને ૨૦૦૮-૦૯ તેને ફરિયાદી શ્રી સાથે દોઢ બે વર્ષ સુધી ટ્યુશન ક્લાસ ચલાવેલ. અને ત્યાર પછી તેને ટ્યુશન ક્લાસ છોડી દીધેલ. અને સને ૨૦૧૪ ના ઓક્ટોમ્બર માસમાં પોલીસની જાહેરાત આવતાં ફરિયાદી એ સ્મીત પાંડે સંપર્ક કરેલો તે વખતે તેને વિજયનગર સ્કુલ પ્રગતિનગર ખાતે બોલાવી પોલીસ બાબતે વાત કરતાં સ્મીત પાંડે નાએ સાયબર ક્રાઇમ માં મારી સાથે જોડાઇ જા હાલમાં હું સાયબર ક્રાઇમ ગાયકવાડ હવેલી માં ઓફીસર તરીકે છુ અને મારા પિતાજી હાલમાં દિલ્હી ખાતે રો માં છે તેમ જણાવેલ. ત્યારબાદ ત્રણ ચાર દિવસ પછી સ્મીત પાંડે નો ફરિયાદી ની ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, તને સાયબર ક્રાઇમમાં નોકરી મળી જશે અને તારે ટોટલ રૂ.૩૫,૦૦૦/- આપવા પડશે જેમાંથી રૂ.૧૫,૦૦૦/- હાલમાં આપવા પડશે અને બાકીના નોકરી ચાલું થયેથી આપવાના રહેશે તેવી વાત કરેલ. જેથી ફરિયાદી શ્રી પહેલા રૂ.૧૫,૦૦૦/- તથા દસ્તાવેજ આપેલ અને આજદીન સુધીમાં ફરિયાદી શ્રી રૂ.૮૩,૦૦૦/- તેના કહેવા રોકડા આપેલ. ત્યારબાદ આ સ્મીતે ફરિયાદીને જણાવેલ કે, સાયબર ક્રાઇમ માં ૨૦ માણસો લેવાના છે જેથી તારા કોઇ મિત્ર હોય તો જણાવજે. જેથી ફરિયાદી એ માર્ચ ૨૦૧૫ માં તેના મિત્રો આનંદ વ્યાસ રહે, રાણીપ તથા વિષભ જોગયાની રહે, બોપલ તથા યગ્નેશ મિસ્ત્રી રહે, ચાંદલોડીયા તથા વિરલના ભાઇ નિકુંજ ઉપાધ્યાય તથા રવિરાજ પંડ્યા રહે, ચાંદખેડા તથા કુણાલ પોનીકર રહે, રાણીપ ને વાત કરી તેઓએ સાયબર ક્રાઇમ માં નોકરી

માટે હા પાડતાં તેમની પાસેથી વ્યક્તિ દીઠ રૂ.૮૫,૦૦૦/- નક્કી કરેલ અને તેઓએ પણ ટુકડે ટુકડે વ્યક્તિ દીઠ રૂ.૮૫,૦૦૦/- આપી દીધેલ અને આ દરમ્યાન આ સ્મીત પાંડે ફરિયાદી ને જણાવેલ કે એક લેડીઝ કોન્સ્ટેબલ લેવાના છે તેવું કહેતા ફરિયાદી તેમની પત્ની અવની નું નામ નક્કી કરેલ અને રૂ.૭૦,૦૦૦/- આપેલા. ત્યારબાદ આ સ્મીત નાએ ટ્રેનિંગ બાબતે ફરિયાદી શ્રી તથા સાહેદોને જણાવેલ કે, તમારે રજાના દિવસો સિવાય અમદાવાદ, લાલ દરવાજા, રીલીફ રોડ, રાયખડ વિસ્તારમાં મારા મેસેજ પ્રમાણે નોકરી કરવાની અને તે મેસેજ કરે તે પ્રમાણે નો કોઇ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તેને મેસેજ કરવાનો અને જેથી ફરિયાદી તથા સાહેદો તે પ્રમાણે અલગ અલગ વિસ્તારમાં ફરી શંકાસ્પદ વ્યક્તિ જણાયેથી મેસેજ કરતા હતા. અને તેના જવાબમાં સ્મીત જણાવતો કે, તમો વોચ કરો અમો સી.સી.ટી.વી. કેમેરા માં તપાસ કરીએ છીએ. આ પ્રમાણે નોકરી લેતો હતો. ત્યારબાદ આ સ્મીત પાંડે એ ૧૦ નવેમ્બર ૨૦૧૫ ના રોજ ફરિયાદી શ્રી તથા સાહેદોને અલગ અલગ 'ACKNOWLEDMENT ORDER' રુલ્સ એન્ડ રેગ્યુલેશન નો સહીવાળા લેટરો આપેલ. તા.૧૮/૧૨/૨૦૧૫ ના રોજ ફરિયાદી નું ઇન્ટરવ્યુ હોય જે બાબતે સ્મીત પાંડે ને ફોન કરતા જણાવેલ કે, તેની માતા ૫ નવેમ્બર ૨૦૧૫ ના રોજ મરણ ગયેલ છે જેથી હાલમાં પોતે દિલ્હી છુ" અને બીજાના લેટરોમાં ઇન્ટરવ્યુ ની તારીખ પ્રમાણે આ સ્મીત પાંડે ને ફોન કરતાં તેણે ઉપરોકત હકીકત જણાવેલ. ત્યારબાદ આ સ્મીત નાએ ફરિયાદી શ્રી તથા સાહેદો પાસેથી ત્રણ આઇફોન સોફ્ટવેર માં ઉપયોગ કરવા માટે મેળવેલ હતા. ત્યારબાદ આ સ્મીત પાંડે તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ આલોક ઇન હોટલ સહજાનંદ કોમ્પલેક્ષ કમિશ્નર કચેરીની બાજુમાં શાહીબાગ ખાતે ઇન્ટરવ્યુ લીધેલ અને આ વખતે સ્મીત એ કોલલેટરો પરત લઇ લીધેલ. અને જણાવેલ કે, તમારે એ.પી.સરવૈયા પી.એસ.આઇ. ક્રાઇમ બ્રાન્ચ નાઓની નીચે નોકરી કરવાની રહેશે અને તમારા આઇકાર્ડ અને ઓર્ડર લેટર તમામ ઘરે આવી જશે તેવું જણાવેલ અને અમારા આઇકાર્ડ ઓર્ડર નહી આવતાં અમોએ સ્મીત પાંડે નો સંપર્ક કરતા તેના ફોન બંધ કરી દીધેલ. અને આ દરમ્યાનમાં આ સ્મીત પાંડે ફરિયાદી શ્રી પાસેથી રૂ.૧૦૦ ના કોરા સ્ટેમ્પ પેપર ઉપર સહી કરાવેલ અને જણાવેલ કે' તને કંઇ થાય તો તારા પરિવાર ને વીમો મળશે'. જેથી આ બાબતે સાયબર ક્રાઇમ માં નોકરી આપવાની લાલચ આપી વિશ્વાસ આપી ફરિયાદી તથા સાહેદો પાસેથી રૂ.૬,૬૩,૦૦૦/- તથા ત્રણ આઇફોન લઇ 'ACKNOWLEDMENT ORDER' રુલ્સ એન્ડ રેગ્યુલેશન નો સહીવાળો લેટરો આપી આલોક ઇન હોટલ સહજાનંદ કોમ્પલેક્ષ કમિશ્નર કચેરીની બાજુમાં શાહીબાગ ખાતે ઇન્ટરવ્યુ લઇ તેમજ ફરિયાદી ને કંઇ થાય તો તેના પરિવાર માટે વીમો મળે તે હેતુંથી ફરી પાસેથી રૂ.૧૦૦ ના કોરા સ્ટેમ્પ પેપર ઉપર સહી કરાવી ગુનો કરેલ છે. વધું તપાસ સાયબર ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ ચલાવી રહેલ છે.